BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:

વિષય: PM YASASVI POST MATRIC SCHOLARSHIP OBC, EBC & DMT STUDENTS યોજના અંતર્ગત શિષ્યવૃત્તિની આવેલ અરજીઓનું વેરીફીકેશન કરી ઓનલાઇન મોકલી આપવા બાબત.

સંદર્ભ: જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતિ)ની કચેરી, જૂનાગઢનો પત્ર ક્રમાંક જિનાની/વિજા/૨૩-૨૪/૩૫૯-૩૬૨, તા.૧૧/૦૧/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ PM YASASVI POST MATRIC SCHOLARSHIP OBC, EBC & DMT STUDENTS યોજના અંતર્ગત વિદ્યાર્થીઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન ભરેલ અરજીઓનું જે-તે કોલેજના આચાર્યશ્રીઓ દ્વારા વેરીફીકેશન કરી OTP દ્વારા જિલ્લા કક્ષાએ ઓનલાઇન અરજીઓ મોકલી આપવાની હોય છે. પરંતુ કોલેજ કક્ષાએ અરજીઓ મંજુર કરવા તેમજ જિલ્લા કક્ષાએ સેન્ડ કરવા માટે ઘણી બધી અરજીઓ પડતર છે જે અન્વયે સરકારશ્રીની સુચના અનુસાર જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન શિષ્યવૃત્તિનું ચૂકવણું કરવાનું હોય તો આપની કોલેજ કક્ષાએથી તમામ અરજીઓનું આચાર્યશ્રી દ્વારા વેરીફીકેશન કરી જિલ્લા કક્ષાએ આ અરજીઓ ઓનલાઇન મોકલી આપવા જણાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓને તેઓની શિષ્યવૃત્તીની સમયસર ચૂકવણી કરી શકાય.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૨૨૬/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૬/૦૧/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત).
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503
www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh

G20
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

# જિલ્લા નાયબ નિયામક ,વિકસતી જાતિની કચેરી-જુનાગઢ

બહુમાળી ભવન, બ્લોક નં.૧, ત્રીજો માળ, સરદારબાગ, જુનાગઢ
ફોન/ફેક્સ (0285)2630587 E-mail : as-socoffi-jun@gujarat.gov.in

નં.જિનાની/વિજા/૨૩-૨૪/ ૩૪૯ થી ૩૬૨ તા.૧૧/૦૧/૨૦૨૪

પ્રતિ,
રજીસ્ટારશ્રી,
(૧) ડો. સુભાષ યુનિવર્સિટી, જુનાગઢ
(૨) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(૩) નોબલ યુનિવર્સિટી, જુનાગઢ
(૪) એગ્રીકલ્ચર યુનિવર્સિટી, જુનાગઢ
તા.જી.જુનાગઢ

વિષય :- વર્ષ ૨૦૨૩-૨૪ PM YASASVI POST MATRIC SCHOLARSHIP OBC,EBC AND DNT STUDENTS યોજના અંતર્ગત વિદ્યાર્થીઓની અરજી પડતર રહેવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ PM YASASVI POST MATRIC SCHOLARSHIP OBC,EBC AND DNT STUDENTS યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરે છે. ત્યારબાદ કોલેજ કક્ષાએથી વિદ્યાર્થીઓની અરજીઓને મંજુર કરી આચાર્યશ્રી દ્વારા OTP દ્વારા જિલ્લા કક્ષાએ ઓનલાઈન અરજીઓ મોકલી આપવાની હોય છે.

અત્રેના જિલ્લામાં કુલ – ૨૩૬૪૮ અરજીઓ વિદ્યાર્થીઓ દ્વારા કોલેજને સબમિટ કરાવેલ છે. પરંતુ કોલેજ કક્ષાએ કુલ – ૯૨૬૬ અરજીઓ મંજુર કરવા તથા જિલ્લા કક્ષાએ સેન્ડ કરવા પડતર છે. આથી સરકારશ્રીની સુચના હોય કે તમામ અરજીઓનું ચુકવણું જાન્યુઆરી-૨૪ માસમાં કરવું. પણ કોલેજ કક્ષાએથી સમયસર અત્રે વિદ્યાર્થીઓની અરજીઓ મોકલવવામાં વિલંબ થઈ રહ્યો છે. જે ખુબ ગંભીર બાબત છે.

આમ, આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોલેજના આચાર્યશ્રીઓને સુચના આપવામાં આવે કે પડતર વિદ્યાર્થીઓની અરજીઓ જિલ્લા કક્ષાએ અત્રે સત્વરે મોકલી આપવામાં આવે તો વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચૂકવી શકાય, જે બાબતે યોગ્ય કરવા તથા કોલેજ કક્ષાએ જાણ કરવા વિનંતી.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) જૂનાગઢ

E:\COM.2 JENIT DATA\JENIT DATA\N.B.HUMBAL\LETTER

Scanned with OKEN Scanner